# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૬/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

————————————————————————————————

# જે રોલ કરતા ડર લાગે એ કરવાનુ મને ગમે છે : પરેશ રાવલ

## ચેમ્બર દ્વારા યોજાયેલા વેબીનારમાં અભિનેતા પરેશ રાવલ સાથે વાર્તાલાપ યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે પૂર્વ સાંસદ તેમજ ભારતીય રંગભૂમિ અને સિનેમાના યાદગાર અભિનેતા શ્રી પરેશ રાવલ સાથે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી જીવંત વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શ્રી પરેશ રાવલે જે રોલ કરતા બહુ ડર લાગે એ જ રોલ કરવાનુ મને ગમે છે તેમ જણાવી કલાકાર દ્વારા એકટીંગમાં ભજવવામાં આવતી સત્યતા, ગુજરાતી નાટકના થિયેટર, પોતાની જાતને નિખારવાની ત્રિઅંકી નાટક વૈરીમાં મળેલી અભુતપૂર્વ તક તેમજ મરાઠી નાટકો અને ફિલ્મોની વિશેષતા વિશે પોતાના અંદાજમાં અદ્‌ભુત અને રસપ્રદ વાતો વાગોળી હતી.

તેમણે એજયુકેશન સિસ્ટમમાં જબરજસ્ત બદલાવની ભાવના સાથે હાલમાં ભણાવવામાં આવતા ઇતિહાસને સુધારીને ભારતના ઇતિહાસને ભણાવવાની સમયની જરૂરિયાતને પ્રેક્ષકો સમક્ષ મુકી હતી. એક સાંસદ તરીકે અપેક્ષા મુજબ તેઓ કામ કરી ન શકયા હોવાનો અફસોસ વ્યકત કરી તેમણે સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશની કામ કરવાની વૃત્તિથી પ્રભાવિત થયા હોવાનુ સ્વીકાર્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા ઉદ્યોગલક્ષી અને સમાજોપયોગી વિષયો સાથે વેબીનારનું આયોજન કરવામાં આવી રહયુ છે. જો કે, આજના વેબીનારમાં જાણીતા અભિનેતા શ્રી પરેશ રાવલની હાજરીથી લોકોને મોટીવેટ થવા માટેની પ્રેરણા મળશે.

શ્રી પરેશ રાવલે નાટકો વિશે જણાવ્યુ હતુ કે, નાટક એવી રીતે ભજવવામાં આવવા જોઇએ કે નાટકનો પડદો પડે એટલે પ્રેક્ષકોના મનનો પડદો ખુલવો જોઇએ. નાટકો જોવા માટે ઓડીયન્સ દીવો લઇને આવે છે. આથી નાટક પૂર્ણ થયા બાદ તેમનામાં જ્ઞાનનો પ્રકાશ રેલાવો જોઇએ. પ્રેક્ષકોમાં નવી દિશા મળવી જોઇએ. મનોરંજનની સાથે સાથે નવુ કઇક મળવુ જોઇએ જે આપણે સાથે ઘરે લઇને જઇએ. માત્ર મનોરંજન લઇને ખોખલા થવા કરતા કઇક વસ્તુ મળવી જોઇએ. સાવ કોરા થાકેલા ઘરે નહી જવા જોઇએ.

પોતાના પ્રથમ નાટક વેલકમ જિંદગીની તેમણે રસપ્રદ વાતો કરી હતી. ત્રિઅંકી નાટક વૈરીમાં મુખ્ય રોલ ભજવ્યો હતો તેના વિશે તેમણે કહયુ કે મને આ નાટકમાં રહેવું હતું. આ નાટકથી મને મારી જાતને જાણવાની સુંદર તક મળી હતી. એમાં જુદી–જુદી સ્ક્રીપ્ટ વાંચવાનો મોકો મળ્યો હતો અને વિવિધ લાગણીને પોતાનામાં રોપવાની તક મળી હતી. પોતાની જાતને નિખારવાની અભુતપુર્વ તક મળી હતી.

ગુજરાતી નાટકો વિશે તેમણે કહયુ હતુ કે, આપણી પાસે લેખક નથી. મરાઠી લેખકોને ઝૂકી ઝૂકીને વંદન કરુ છુ. કારણ કે એક નહી પણ વારંવાર ત્યાંથી નવા – નવા લેખકો આવે છે. ત્યાંના ચાલના ખેડૂતોએ પણ નાટકો કરેલા હતા. બોકસ ઓફિસની સકસેસને હું સકસેસ નહી ગણતો. મારા માટે રોલ મોડેલ એ કલાકાર છે કે જે એકટીંગમાં સત્યની સાથે નવો એપ્રોચ લઇ આવે. એના માટે તેમણે નાટ્યસમ્રાટ વિગેરે નાટકોના ઉદાહરણ આપ્યા હતા.

મરાઠીમાં જબરજસ્ત પિકચર બનાવવામાં આવે છે એટલે એ સૌથી અલગ હોય છે. મરાઠી ફિલ્મોને ઓડીયન્સ ઝીલવા માટે તૈયાર જ હોય છે. ફિલ્મો માટે આ ગોલ્ડન પિરિયડ કહેવાય છે. ગુજરાતી ફિલ્મોમાં પણ બદલાવ આવી રહયો છે. ઉપેન્દ્ર એક અદ્ભુત કલાકાર છે. હવે ગુજરાતી માટે પાંચેય આંગળી ઘીમાં છે. જય સોમનાથ સમયની માંગ છે તેમજ ધુમકેતુ જેવી અન્ય નવલકથામાંથી પણ ફિલ્મો બનાવી શકાય છે.

મને ખબર છે કે હું શું કરી રહયો છું એની મને ખબર હોવી જોઇએ એવા સાક્ષીભાવથી એકટીગ કરવી જોઇએ. એકટીગ કરતી વખતે તમે અણીશુદ્ધ રીતે સ્ક્રીપ્ટને વળગી રહો. તમને નહી ગમ્યુ એના કરતા આવુ કરવુ જોઇતુ હતુ એવી સમીક્ષા ખરેખર થવી જોઇએ. એના માટે વર્ગીકરણ કરી શકાય છે. લેખન સારુ હોય પણ કલાકાર તેને ન્યાય આપી શકતો ન હોય એવુ બની શકે છે. એટલે સમીક્ષકોની સમીક્ષા કરતા પ્રેક્ષકોનું રિએકશન કેવુ છે તે વધારે મહત્વનું હોય છે.

અભિનય મારા માટે નશો હતો. ઘણી મુશ્કેલીઓ હતી પણ મારા માટે આ જ મારો સોનેરી રસ્તો છે અને મારો મોક્ષ છે એમ માનીને હુ આગળ વધતો ગયો હતો. સ્ટ્રગલ જેવુ કઇ વધારે કર્યુ ન હતુ. પોતાને રોલ મળે અને સામેવાળાને ન મળે એના માટે કલાકારો સ્ટ્રગલ કરે છે. પણ હું રેડીયો, ટીવી અને થિયેટર બધામાં કામ કરી લેતો હતો. ડિયર ફાધરમાં મે જે પાત્ર ભજવ્યુ છે એનાથી મને હાશ થઇ હતી. એની વાત મને ખૂબ જ સ્પર્શી હતી. કલાકારને ઉંમર મુજબ પાત્ર મળે તો મજા આવે. એમાં પ્રેક્ષકોને પોઝીટીવલી અનકમ્ફર્ટેબલ કરવાની જે મજા આવે તે સાવ જુદી હોય છે.

તેમણે કહયુ હતુ કે, સરદાર પટેલ તરીકેનો અભિનય કર્યા બાદ એક નાગરીક તરીકેનો તેમનો અભિગમ બદલાયો હતો. રોડ ટુ સંગમમાં તેમણે મહાત્મા ગાંધીજીની વાત કરી હતી. સ્કૂલમાં ખરેખર તો ભારતીય

ઇતિહાસ વિશે ભણાવવામાં આવતુ જ નથી. ભારતના ઇતિહાસમાં જઇએ તો દેશ માટે ભયંકર માન થાય છે. દેશ માટે કેટલુ સમર્પિત કરો છો એ જ મારા માટેની જિંદગી છે.

ચેલેન્જીસ રોલ મને બહુ ગમે છે. જે રોલ કરતા પહેલા ડર લાગે એ કરવાનુ મને ગમે છે. કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરવાની મજા આવે છે. કોમેડીમાં સામેવાળા એકટર પણ જબરજસ્ત હોવા જોઇએ. હેરાફેરીની સફળતા માટે તેમણે અક્ષયકુમાર, સુનીલ શેટ્ટી અને જોની લીવર બધાનુ યોગદાન હોવાનુ જણાવ્યુ હતુ. કોમેડીમાં તો ખાસ સ્ક્રીપ્ટ હોવી જ જાઇએ. તેમણે પત્ની સ્વરૂપ મારા જીવનનું અજવાળું છે તેમ કહીને પુત્રો વિશે પણ વાતો કરી હતી.

પોતાના ડ્રીમ પ્રોજેકટ વિશે તેમણે જણાવ્યુ હતુ કે, વેબ સીરિજ કરવી છે. ફેમિલી મેનનો દાખલો આપ્યો હતો. અત્યારે સ્ટેજ અને ફિલ્મના ના કરી શકો. એટલે વેબ સીરિજ કરવાનો ઉત્તમ સમય છે. શ્રી કેતન મહેતા, શ્રી દિવાકર બેનર્જી, શ્રી રાગ સંતોષી, શ્રી શેખર કપૂર અને શ્રી પ્રિયદર્શન જેવા મારા સારા ડિરેકટરો છે. સમાજ મંદિર છે અને લોકો ભગવાન છે. મંદિરમાં પુજાપાઠ કરાય છે પણ જરૂરિયાતમંદોને દાન કરવામાં હું માનુ છુ. મારી ભકિત ખરા અર્થમાં આ છે.

૧૯૬૫માં દેશના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી લોકોને સોમવારે ચોખા નહીં ખાવાનુ કહે છે અને બધા ભારતીયો સાંભળે છે. એવી રીતે વડાપ્રધાન મોદીજીએ કહયુ એટલે લોકોએ ગેસની સબસિડી છોડી દીધી એ ખૂબ જ મહત્વનું છે. તેમને કારણે અમુક લોકો કે જે કામ કરતા ન હતા તેઓ પણ હવે કામ કરતા થઇ ગયા છે. તેમના હાથ નીચે કામ કરવુ ખૂબ જ અઘરુ છે. એક સાંસદ તરીકે અપેક્ષા મુજબ કામ ન કરી શકયો તેનો મને અફસોસ છે. સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશની કામ કરવાની વૃત્તિથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હોવાનુ તેમણે જણાવ્યુ હતુ.

વર્તમાન શિક્ષણ પદ્ધતિ વિશે તેમણે જણાવ્યુ હતુ કે, વિદ્યાર્થીઓને ઇતિહાસ વ્યવસ્થિત રીતે ભણાવવો જોઇએ. વામપંથીઓએ ઇતિહાસની સાથે ચેડા કર્યા છે. દરેક રાજયમાં માતૃભાષા બીજી ભાષા હોવી જોઇએ અને ઇતિહાસનો વિષય ફરજિયાત હોવો જોઇએ. છત્રપતિ શિવાજી મહારાજ, મહારાણા પ્રતાપ અને ઝાંસીની રાણી નેશનના હીરો છે. ભારતના ઇતિહાસને ભણાવવાની સમયની જરૂરિયાત છે.

તેમણે કહયુ કે સુરત કોસ્મોપોલિટન થઇ ગયુ છે. સુરતમાં મોટા થિયેટર ડેવલપ થવા જોઇએ. ગુજરાતમાં માત્ર સુરતનું ગાંધીસ્મૃતિ ભવન અને રાજકોટના એક થીયેટરની જાળવણી થતી હતી. થિયેટર એ સમાજનું મંદિર છે. થિયેટરના ઘણા ફાયદા છે. સરકારે આની પાછળ ઘ્યાન આપવુ જોઇએ. નવા થિયેટર નહીં બાંધી શકો તો વાંધો નહીં પણ સુરતના ગાંધીસ્મૃતિને પાછુ ચાલુ કરવુ જોઇએ તેવી લાગણી તેમણે વ્યકત કરી હતી. આ મામલે ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સુરત મ્યુનિસિપલ કમિશનર સાથે વાત કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

જાણીતા નાટ્યકાર શ્રી કપિલદેવ શુક્લ અને જાણીતા પત્રકાર શ્રી વિનિત શુક્લએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.